**પરિપત્ર**

**SSC માર્ચ-2024**
**ગુણચકાસણી**

ક્રમાંક : મઉમશબ/માધ્યમિક/જી.સેલ./ગુ.ચ./માર્ચ-2024/33
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર

તારીખ :13-05-2024

પ્રતિ,
આચાર્યશ્રીઓ/પ્રધાનાચાર્યશ્રીઓ,
તમામ, ગુજરાત રાજ્ય.

**વિષય : માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-2024 ધોરણ-10ની પરીક્ષાની ગુણચકાસણીની અરજીઓ મોકલવાની કાર્યવાહી બાબત.**

ધોરણ-10 ગુણચકાસણીની વ્યવસ્થા મુજબ અરજીઓ માત્ર ઓનલાઇન માધ્યમથી જ મોકલવાની રહે છે. આ માટે આચાર્યશ્રી અથવા ઉમેદવાર જાતે બોર્ડની વેબસાઇટ www.gseb.org પર જઈ ગુણચકાસણીની અરજી કરી શકશે. રૂબરૂ કે ટપાલથી અરજી કરવાની પદ્ધતિ અમલમાં નથી.

ગુણચકાસણી અર્થાત્ બોર્ડ દ્વારા લેવાયેલ 6(છ) વિષયોની પરીક્ષા સંબંધે એક કે તેથી વધારે વિષયમાં પોતાને મળેલ ગુણ બાબતે શંકા હોય તો તેની ચકાસણી કરાવવી. આમાં શાળા દ્વારા લેવાયેલ વિષયોની પરીક્ષાનો કે નામ અને જન્મતારીખના સુધારાનો સમાવેશ થતો નથી. અરજી કરવા બાબતે વિગતવાર સૂચનાઓ વેબસાઇટ પર મૂકવામાં આવશે, તેમ છતાં નીચે આપેલ મહત્ત્વના મુદ્દાઓ ધ્યાને લેવા વિનંતી છે :

(1) અરજી કરવા સારું www.gseb.org પર જઈ ગુણચકાસણી લખેલ બટન ક્લિક કરવું અને રજિસ્ટ્રેશન કરવું.

(2) ઉમેદવારનો બેઠક નંબર નાંખવાથી તેની અન્ય વિગતો જોઈ શકાશે.

(3) જે વિષય માટે ગુણચકાસણી કરવાની છે, તેની સામે ટીક કરવું. (√ નિશાન)

(4) ગુણચકાસણીની ફી પ્રત્યેક વિષયના રૂ. 100/- નક્કી કરેલ છે.

(5) ગુણચકાસણી અરજીની ફી ઓનલાઇન SBI E-Pay મારફતે ચૂકવવાની બાબતની સૂચનાઓ ઓનલાઇન ઉપલબ્ધ કરવામાં આવશે.

(6) ગુણચકાસણીની અરજીઓ માટેનો સમયગાળો પરિણામ જાહેર થયાના બે દિવસ પછીથી બોર્ડની વેબસાઇટ www.gseb.org મારફતે જાહેર કરવામાં આવશે. કોઈપણ અરજી રૂબરૂ કે ટપાલ માધ્યમથી સ્વીકારવામાં આવશે નહીં. નિયત થયેલ આખર તારીખ પછી અરજી કરી શકાશે નહીં.

(7) ગુણચકાસણી થયેથી સુધારેલ પરિણામની વિગતો બોર્ડની વેબસાઇટ પર સીટ નંબરથી લોગ ઇન કરી જોઈ શકાશે.

(જે. કે. પટેલ)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર